

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

'દુષ્કર્મ'માં એમને રોજિંદી ઘટના દેખાય છે
ખૂન-અપહરણમાં સામાન્ય બીના દેખાય છે.
દેખાય છે એમને તો માત્ર સત્તા અને સાહેલી -
અપરાધી પ્રધાનોને હજી 'રામ-રાજ' દેખાય છે.

### હાઈકુ

મૂર્ખ પ્રધાને -
મૌન રહે તો સારું,
એ, મોદી સેવા...

રાખે છે ભૂખી
મત - માતા - ગાયને -
મૃત્યુ 'મેળામાં...'

### ચિંતન

*બલમાર્તભયોં પશાન્તયે વિદુષાં સંમયતે બહુશ્રુતમ્ ।*
*વસુ તસ્ય ન કેવલં વિભોર્ગુણવત્તાપિ પરપ્રયોજનમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

તે રાજાનું એકલું ધન જ પારકાના લાભને માટે વપરાય છે તેવું નથી, તેનું બળ દુ:ખીજનોના ભયની શાંતિ માટે તેમજ તેમનું બહુશ્રુતપણું (વિદ્યાનો અનુભવ) વિદ્વાનોની સંમતિ માટે વપરાય છે.

રાજાઓ (વડાપ્રધાનો - મુખ્યમંત્રી)ની રાજ્ય તિજોરીનું ધન જ નહીં પણ તેના પ્રધાનમંડળની સલાહ-બુદ્ધિ - મંત્રીઓની સલાહ સૂચના, અનુભવ પણ રાજયના કલ્યાણનું કારણ બને છે.

### સુવિચાર

- એક હજાર સૈનિકો મેળવવા સહેલા છે, પણ એક બાહોશ સેનાપતિ શોધવા કઠિન છે - **ચીની કહેવત**
- પવન આગને વધારે છે પણ દીવાને હોલવી નાખે છે - **રોમન કહેવત**
- પહેલાનો યુગ અજ્ઞાનથી અંધ હતો આજનો માણસ જ્ઞાનથી અંધ છે - **ટી.એસ.ઈલીયટ**
- જયાં સંપન્નતા અને સ્વાતંત્ર્યનું સામ્રાજય છે ત્યાં સંતોષ અસફળ રહે છે - **ઓલિવર સ્મિથ**
- દુનિયા આપણી કલ્પનાઓનો ચિત્રપટ છે - **થોરો**
- તમે ધનથી સુખ ખરીદી નહિ શકો, પણ આરામથી સુખની પ્રતિક્ષા કરી શકશો? - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : ચમેલીના દસેક ફૂલ વાટી તેની પેસ્ટ ચહેરા પર લગાવવાથી ચહેરા પર ચમક આવે છે ચહેરો નિખરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મૌલાના અબુલ કલામ આઝાદ સંતોષી અને ત્યાગી હતા. અંગ્રેજોએ તેમને અમદાવાદની જેલમાં રાખ્યા હતા. તે દરમિયાન તેમના પત્ની કલકત્તા ખાતે અવસાન પામ્યા હતા. આ દુ:ખને તેમણે ખૂબ જ ધીરજપૂર્વક સહન કર્યું હતું.

મૌલાનાના સમર્થકોએ બેગમ આઝાદની સ્મૃતિમાં એક સ્મારક બનાવવાનું વિચાર્યું. અને તેના માટે એક કોશ બનાવી નાણા એકત્રિત કરવાનું શરુ કર્યું. મૌલાના આઝાદની સજા પૂરી થતા તેઓ કલકત્તા પરત ફર્યા ત્યારે તેમના સમર્થકોએ તેમને એકઠા થયેલા નાણાની વિગતો આપી. અબુલ કલામ આ સાંભળી ખૂબ નારાજ થયા. તેમને પોતાના બૅગમની સ્મૃતિમાં કોઈ પણ સ્મારક બને તે કદી મંજૂર ન હતું. એમણે એમના સમર્થકોને કહ્યું કે આ ફાળો ઉઘરાવવાનું તાત્કાલિક બંધ કરી દેવું. કોશમાં જમા થયેલી બધી જ રકમ અલ્હાબાદની કમના નહેરુ હોસ્પિટલમાં દાનમાં આપી દેવા કહ્યું....


ફાળામાં આવેલ નાણું દેશનું ધન હોઈ તેને દેશના હિતમાં જ વાપરવાનો આગ્રહ રાખ્યો. તેમણે સમર્થકોને આવું કદી ન કરવા ચેતવણી આપતા કહ્યું, રાષ્ટ્રના ધનનો પ્રામાણિકતાપૂર્વક રાષ્ટ્ર માટે જ ખર્ચ થવો જોઈએ. જો આવું થશે તો જ દેશનો ચારેતરફ વિકાસ થશે.

# નામકરણ બદલવાની ઘેલછા રાષ્ટ્રીય એકતા માટે જોખમરૂપ

**તંત્રીસ્થાનેથી...**

નવી દિલ્હીના પોશ લુટિયન ઝોનમાં વિવિધ માર્ગોનાં નામો ભારતીય ઈતિહાસની અગત્યની હસ્તીઓના નામે અંકિત કરવાનાનો જેને પણ વિચાર આવ્યો હશે તેના હૈયામાં ભારોભાર રાષ્ટ્રપ્રેમ ઊભરાતો હશે. પંડિત જવાહરલાલ નહેરુ માત્ર રાજકીય નેતા નહોતા. એ ઈતિહાસના પણ ઊંડા અભ્યાસી હતા. જેલવાસ દરમિયાન એમણે પ્રિયદર્શિની ઈંદિરાને પત્રો દ્વારા વિશ્વ અને ભારતના ઈતિહાસ વિશે ઉત્તમ માહિતી ઉપલબ્ધ કરાવી પિતૃધર્મ બજાવ્યો હતો. 'ડિસ્કવરી ઑફ ઈન્ડિયા' આજે પણ ભારતીય ઈતિહાસની પ્રમાણભૂત માહિતી આપતા ગ્રંથ તરીકે સર્વસ્વીકૃત છે. ભગવા રાજકારણના ઉદય સાથે નહેરુના સર્વાશ્લેષી બિનસાંપ્રદાયિક અભિગમ સાથે રીતસરની ઝુંબેશ શરૂ થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નહેરુને દેશના સૌથી વધારે હાનિ પહોંચાડનારા નેતા તરીકે ચીતરવાનો પ્રયાસો કર્યા છે. આ માનસિકતા હિંદુત્વવાદી સંગઠનોમાં તો અગાઉથી જ હતી. કેન્દ્ર સરાકરનું સમર્થન સાંપડતાં એ ચિનગારીમાંથી જવાળામાં ફેરવાઈ ચૂકી છે. ઔરંગઝેબ રોડ પર જ ભાજપના સૌથી વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીનું નિવાસસ્થાન હતું. તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયીને કે અડવાણી જેવા કટ્ટર હિંદુત્વવાદી નાયબ વડાપ્રધાનને એ માર્ગનું નામકરણ બદલવા સુધ્ધાં વિચાર નહોતો આવ્યો. સૌ પ્રથમ એ વિચાર આપણા કહેવાતા વિચારપુરુષ ગુણવંત શાહના ફળદ્રુપ ભેજામાં ઝબૂક્યો. એમણે નરેન્દ્ર મોદીને ઔરંગઝેબ રોડનું નામ બદલી એ માર્ગને દારા શિકોહનું નામ આપવાની દરખાસ્ત કરેલી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ વિચારણાને અંતે ઔરંગઝેબ રોડનું નામ બદલીને મુસ્લિમ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી. જે અબ્દુલ કલામનું નામ ચડાવી દીધું. હવે જયારે પણ મહારાણા પ્રતાપ વિશેનો કોઈ પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે અકબર રોડનું નામ બદલી એને મહારાણા પ્રતાપ માર્ગ કરવાની માગણી જોર પકડે છે. પ્રતાપની જન્મતિથિ પ્રસંગે કોઈ અકબર રોડના સાઈન બોર્ડ પર મહારાણા પ્રતાપ માર્ગનું પોસ્ટર ચીપકાવી દઈ પોતાની રાષ્ટ્રવાદી છાપ ઊપસાવવાના કારસા કરે છે. કેન્દ્ર સરકાર આવાં તત્ત્વો સામે પગલાં લઈ શકતી નથી. રાણા પ્રતાપ ભારતીય ઈતિહાસમાં મેવાડના સ્વમાની રાજપૂત શાસક તરીકે ઓળખાય છે. પરંતુ અકબર તો આખા દેશનો શહેનશાહ હતો. પોતાના શાસનકાળમાં એણે હિંદુઓ પર જુલમો કર્યા હોવાની વાતો વાહિયાત છે. એણે તો બીરબલ જેવા હાસ્યવિદ અને તાનસેવ જેવા સંગીતકારને આશ્રય આપ્યો હતો. મહારાણી જોધાબાઈ માટે એણે મહેલમાં જ કૃષ્ણમંદિરની સ્થાપના કરી હતી. ઈતિહાસકારોએ ભારતના ઈતિહાસમાં સમ્રાટ પ્રિયદર્શી અશોક પછીના સૌથી પ્રતિભાવંત સમ્રાટ તરીકે શહેનશાહ અકબરને સ્થાન આપ્યું છે. જૈનાચાર્ય હીરવિજયજીના ઉપદેશ પછી એણે માંસાહાર બંધ કર્યો હતો અને ગૌશાળાઓ સ્થાપી હતી. ગૌવધબંધી ફરમાવી એણે હિંદુઓ એને જૈનોની ધર્મ ભાવનાની કદર કરી હતી. 'દીને ઈલાહી' ધર્મ સ્થાપીને અકબરે ક્રાંતિકારી પગલું ભર્યું હતું. અકબરનું નામ ભૂંસી પ્રતાપનો પ્રસ્થાપિત કરવા કરતાં બેઉ મહાન વિભૂતિઓને એમની આગવી રીતે ઓળખવાનો સમ્યક્ અભિગમ જ ઉપકારક લેખાશે.

# બાળક એક જયોતિ





## રંગ-ઉમંગ

કાનન ઓઝા

બાળક એ કંઈ વાસણ નથી કે એને ભરી કાઢીએ; એક જયોતિ છે, જેણે પેટાવવાની છે. બાળક એ આપણે મન ખાલી વાસણ છે. એમ હું તમને કહીશ તો તમે માનશો નહી, પણ થોડો વિચાર કરી જુઓ; બાળકનું આપણા ઘેર આગમન થાય ત્યારથી માંડીને એ પહેલીવાર આપણો વિરોધ કરવા જેટલું પુખ્ત થાય ત્યાં સુધી આપણે શું કરીએ છીએ? આપણા ખ્યાલો, તરંગે, અધકચરા વિચારો, સપનાઓ - આ બધું બાળકના મનમાં ઠાંસ્યા કરવાનો ઉદ્યમ કરતાં હોઈએ છીએ. આ માટે એક ચોક્કસ બ્લુ પ્રિન્ટ આપણાં મનમાં બનાવી રાખેલી હોય છે. કેટલાંક હોંશીલા માબાપ તો બાળકના જન્મની એંધાણી મળે ત્યરથી બ્લુ પ્રિન્ટ બનાવવાનું આરંભી દે છે. જીવનમાં કશુંક કરવાનાં, કશુંક થવાનાં સપનાં દરેકને આવતાં હોય છે અને આમાંથી બધાં કંઈ કશુંક કરી શકે કે કશુંક થઈ શકે તેમ બનતું નથી. આવાં મા - બાપ પોતાનાં અધૂરા સપનાઓનો ભંગાર બાળકોનાં મનમાં ઠાલવે છે. બાળક એક સ્વતંત્ર હસ્તી છે. એ વાત જ વિસારે પાડી દેવાય છે.

બાળકને પોતાનું આગવું રુચિતંત્ર છે. આંતરિક જગત છે. એવો ખ્યાલ જ ઘણા મા-બાપને કયારેય આવતો નથી.

કેટલાંક બહુ પ્રવૃત્તિશીલ મા-બાપની પાસે તો બાળકો માટે સમય પણ હોતો નથી. આવાં મા-બાપના સમયનું રોકાણ પૈસો અને પ્રતિષ્ઠા રળવા માટે થતું હોય છે. આવા મા-બાપ પોતાની બ્લુ પ્રિન્ટ પ્રમાણે બાળકોનું ઘડતર કરવાનો કોન્ટેક્ટ શિક્ષકોને આપી દે છે. એટલે બાળકને કાં મા-બાપ દ્વારા કાં શિક્ષકો દ્વારા ઉપદેશો ને હુકમો જ ઝીલ્યા કરવા પડે છે.

આઈન્સ્ટાઈને સરસ વાત કહી છે કે - 'બાળક એક જયોત છે. દરેક જયોત એક સરખું અજવાળું આપી શકતી નથી, પણ દરેક જયોત ભલે પોતાની શક્તિ અનુસાર - અજવાળું આપી શકે છે તે નક્કી વાત છે.' જયોત ને તમે પ્રગટાવી શકો છો, પવનના ઝપાટાથી એ બુઝાઈ ન જાય એની તકેદારી રાખી શકો; પણ તમારે જોઈએ છે એવો ને તમારે જોઈએ છે એટલો પ્રકાશ એણે આપવો જ જોઈએ. એવો આગ્રહ ન રાખી શકો. જયોત જેટલો પ્રકાશ આપે એટલા પ્રકાશનું તમારે સ્વાગત કરવું જોઈએ. આવું જ બાળકનું છે. એને તમારે એની રીતે વિકસાવા દેવાનું છે. એની શક્તિ પોતાની શક્તિ મુજબ એ જે કંઈ કરી શકે તેનું સ્વાગત કરવાનું છે.

# લક્ષ્મણની મૂર્છા દૂર કરનાર લંકાના પ્રસિદ્ધ વૈદ્યનું નામ શું હતું ?



## ખજાનો

અનિલ પટેલ

### ભારતનો સાંસ્કૃતિક વારસો

૧ સ્વામી દયાનંદની જન્મભૂમિ કઈ છે?
(અ) જૂનાગઢ (બ) ટંકારા
(ક) તળાજા (ડ) જેતલપુર

૨ ભારતનું રાષ્ટ્રીય ગાન 'જન મન ગણ' ને સૌપ્રથમ કયા માસિકમાં છાપવામાં આવ્યું હતું?
(અ) અખંડ આનંદમાં (બ) કુમારમાં
(ક) તત્ત્વ બોધિનીમાં (ડ) ધર્મસંદેશમાં

૩ 'સારે જહાં સે અચ્છા હિંદોસ્તા હમારા'ના રચયિતા કોણ છે ?
(અ) કવિ ઈકબાલ (બ) ગુલઝાર
(ક) નૌશાદ (ડ) મરીઝ

૪ મોરારજી દેસાઈની સમાધિ સ્થળ અભટઘાટ કયાં આવેલ છે?
(અ) દિલ્હીમાં (બ) વલસાડ
(ક) સુરત (ડ) અમદાવાદ

૫ કુમારીદેવીનું મંદિર કયાં આવેલું છે ?
(અ) હરિદ્વાર (બ) નાસિક
(ક) કન્યાકુમારી (ડ) ઉદવાડા

૬ 'સાગર સેતુ' નો ઉલ્લેખ કયાં ગ્રંથમાં મળે છે?
(અ) મહાભારતમાં (બ) રામાયણમાં
(ક) ગીતામાં (ડ) યજુર્વેદમાં

૭ સંગીતવિદ્યાની માહિતી કયા ગ્રંથમાં છે ?
(અ) યજુર્વેદ (બ) અર્થર્વેદ
(ક) સામવેદ (ડ) મનુસ્મૃતિમાં

૮ હરિપ્રસાદ ચોરસીયા કયા વાદ્યના ઉસ્તાદ હતા ?
(અ) તબલા (બ) બંસરી
(ક) સરોદ (ડ) મૃદંગ

૯ લક્ષ્મણની મૂર્છા દૂર કરનાર લંકાના પ્રસિદ્ધ વૈદ્યનું નામ શું હતું ?
(અ) શ્રુસુત (બ) સુષેણ
(ક) ચરક (ડ) પંડિત અશ્વિની

૧૦ શક સંકતનો પ્રારંભ કયા સમ્રાટે કર્યો ?
(અ) કુમારગુપ્ત (બ) બ્રહ્મગુપ્ત
(ક) કનિષ્ઠ (ડ) સમ્રાટ અશોક

૧૧ ચૈતન્ય મહાપ્રભુનો જન્મ કયાં થયો હતો ?
(અ) બિહાર (બ) ઉ.પ્રદેશ
(ક) હિમચાલ પ્રદેશ (ડ) બંગાળ

૧૨ સંત પુરંદરદાસ કયા રાજય સાથે સંકળાયેલા છે ?
(અ) આંધ્રપ્રદેશ (બ) મહારાષ્ટ્ર
(ક) મધ્યપ્રદેશ (ડ) કર્ણાટક

૧૩ અસુરોના વિનાશ માટે પોતાના અસ્થિઓ દાનમાં આપનાર ઋષિનું નામ શું હતું ?
(અ) દધીચિ (બ) દુર્વાસા
(ક) વશિષ્ટ (ડ) વિશ્વામિત્ર

૧૪ 'ભારત નાટ્યમ્' કયા પ્રદેશનું નૃત્ય છે ?
(અ) ઓરિસ્સા (બ) કર્ણાટક
(ક) કેરાલા (ડ) તમિલનાડુ

૧૫ કોઈલ કાવ્યો કયા સાહિત્યની વિશેષતા છે ?
(અ) કન્નડ (બ) ઉડિયા
(ક) બંગાળી (ડ) સિંધિ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૧ મે : ટેક્નોલોજી ડે**
  - ભારતે રાજસ્થાનના પોખરણ ખાતે પરમાણું પરીક્ષણ કર્યું (૧૯૯૮)
  - રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે સોમનાથ મંદિરના જિણોદ્ધાર પછી ઉદ્ઘાટન કર્યું (૧૯૫૧)
  - જે. કૃષ્ણમૂર્તિની જન્મજયંતિ
  - બરફના તોફાનમાં માઉન્ટ એવરેસ્ટ પર આઠ પર્વતારોહકના મૃત્યુ થયા હતા. (૧૯૨૬)
  - મૃણાલિની સારાભાઈની જન્મજયંતિ (૧૯૨૮)
- **૧૨ મે :** (આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ)
  - વિશ્વનો સૌથી વિનાશક ભૂકંપ ચીનમાં આવ્યો (૨૦૦૮)
  - રાજપૂત રાવ જોધાએ જોધપુરની સ્થાપના કરી (૧૪૫૯)
  - નયના ઝવેરીની જન્મજયંતિ (૧૯૨૭)
  - યુગમૂર્તિ વાર્તાકાર રમણભાઈ વ. દેસાઈનો જન્મદિવસ (૧૮૯૨)
  - શિવાજી મહારાજ આગ્રા પહોંચ્યા (૧૬૬૬)
  - વિશ્વ સેવિકા સન્નારી ફ્લોરેન્સ નાઈટિંગલનો જન્મ દિવસ (૧૮૨૦)
  - રશિયનું અંતરિક્ષયાન લ્યૂનાર-૫ ચંદ્રની ધરતી પર દુર્ઘટનાગ્રસ્ત થયું. (૧૯૬૫)
- **૧૩ મે :**
  - સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદનું અધિવેશન શરુ થયું (૧૯૫૨)
  - એસ. રાધાકૃષ્ણન ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા (૧૯૬૨)
  - પાંચમા રાષ્ટ્રપતિ ફકરુદીન અલી અહેમદની જન્મજયંતિ (૧૯૦૫)
  - લારા દત્તાએ મિસ યુનિવર્સનો ખિતાબ જીત્યો (૨૦૦૦)
  - ટીપુ સુલતાન અને લોર્ડ કોર્નીવોલીસ વચ્ચે યુદ્ધ થયું (૧૭૯૧)
  - મેલેરિયા તાવના મચ્છરોના શોધક સર રોનાલ્ડ રોસનો જન્મદિવસ (૧૮૯૪)
- **૧૪ મે :**
  - ગુજરાત રાજયના પ્રથમ રાજયપાલ મહેંદી નવાઝ જંગનો જન્મદિવસ (૧૮૯૪)
  - ઓલિમ્પિક રમતોમાં પ્રથમ વખત મહિલાઓને ભાગ લેવા મંજૂરી મળી (૧૯૦૦)
  - અમેરિકાની ફલોરેન્સ એલન પુરુષને ફાંસીની સજા આપનાર પ્રથમ મહિલા જજ બની (૧૯૨૧)
  - મૃણાલ સેની જનમજયંતિ (૧૯૨૩)
- **૧૨ મે : આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ**
  - ધક ધક ગર્લ માધુરી દિક્ષીતનો જન્મ દિવસ (૧૯૬૮)
  - પ્રોસેસિંગ અભિનેતા શાઈની આહુજાનો જન્મદિવસ (૧૯૭૪)
  - એવરેસ્ટનું સફળ આરોહણ કરનાર તૈનસિંગ નોર્કોને જન્મદિવસ (૧૯૧૪)
  - બંગભંગ ચળવળના ક્રાંતિકારી શ્રી ત્રિલોક્યનાથ ચક્વર્તીનો જન્મદિવસ (૧૮૮૯)
- **૧૬ મે : રાષ્ટ્રીય ગૌરવ દિવસ**
  - અંબુભાઈ પુરાણીનો જન્મદિવસ (૧૮૯૪)
  - સિક્કીમ ભારતનું ૨૨મું રાજ્યું બન્યું (૧૯૭૫)
  - એકેડમી એવોર્ડની શરુઆત થઈ (૧૯૨૯)
  - જેમ્સ બોન્ડ તરીકે અભિનય આપનાર પિયર્સ બ્રોસનનો જનમદિવસ (૧૯૬૧)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ત્રિપુરાના યુવા મુખ્યમંત્રીનું નામ શું છે?**
**જવાબ : બિપ્લવ કુમાર દેવ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) મહેશ એમ. જાદવ : રાયસણ (૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૫) નટુભાઈ દરજી - પેથાપુર (૬) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) જિતેન્દ્રસિંહ ઠાકોર : મોટી શિહોલી


### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કર્ણાટકમાં દેવગૌડાની પાર્ટીનું નામ શું છે ?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'અધિક' માં ફળ પણ અધિક!

એ મહિનો વધારાનો હતો. એની કોઈ કિંમત નહિં. સૂર્ય પણ આ મહિનામાં એક જ રાશિમાં રહે. લોકો કોઈ શુભકાર્ય ન કરે. એમ કહે... 'આ મહિનો તો મેલો છે. મળમાસ છે.' લોકનિંદાથી મહિનો હેરાન પરેશાન થઈ ગયો. કંટાળીને એણે ભગવાન વિષ્ણુનું શરણ લીધું. ભગવાન તો શરણાગત વત્સલ છે. એણે કહ્યું, 'પુત્ર! હવે તું નચિંત થઈ જા. હું તારો સ્વામી છું. આજથી તું મારા નામે ઓળખાઈશ. બારેય મહિના કરતાં તું મહત્ત્વની રીતે અધિક થઈશ. તારા સમયમાં જે કોઈ દાનપુણ્ય કે શુભકાર્ય કરશે; તેનું ફળ પણ એને અધિક મળશે.' ત્યારથી આ મળમાસ પુરુષોત્તમ માસ કે અધિક માસ તરીકે ઓળખાવા લાગ્યો.



આથી સ્વાભાવિક રીતે આ જ આસમાં વિષ્ણુ ઉપાસનાને વધુ મહત્ત્વ હોય. આ ઉપાસના વિષ્ણુસહસ્ત્રનામ વગર અધૂરી ગણાય. પિતામહ ભીષ્મ બાણશૈયા ઉપર સૂતા હતા. ઉત્તરાયણ શરુ થાય, એટલે એને દેહ છોડવો હતો. ધર્મરાજ યુધિષ્ઠિર એની પાસે બેઠા હતા. એ પ્રશ્ન કરે, પિતામહ, ઉત્તર વાળે. પિતામહે એમની વિષ્ણુસહસ્ત્રનામ સંભળાવ્યું. 'આનું પઠન અથવા શ્રવણ કરવાથી કોઈ પણ મનુષ્ય દુ:ખને પાર કરે છે અને કલ્યાણને પામે છે; એમ કહીને આ સ્તુતિને પ્રતિષ્ઠા આપી.'

પુરુષોત્તમ માસમાં વિષ્ણુ સહસ્ત્રનામનો મહિમા છે. પરંતુ જો સમયની અનુકૂળતા ન હોય, તો એના બીજા વિકલ્પો પણ હાજર છે તે આ રીતે -

(૧) નારાયણ અષ્ટોત્તર શતનામ - વિષ્ણુના ૧૦૮ નામો.
(૨) વિષ્ણો : શત નામ - વિષ્ણુના ૧૦૦ નામો
(૩) વિષ્ણો : અષ્ટાવિંશતી નામ - વિષ્ણુના ૨૮ નામો
(૪) વિષ્ણો : ષોડશ નામ - વિષ્ણુના ૧૬ નામો.
(૫) વિષ્ણો : અષ્ટનામ - વિષ્ણુના ૮ નામો

આ સૌમાં વિષ્ણો : ષોડસ્નામ સ્તોત્ર વિશેષ પણે નોંધપાત્ર છે; કારણ કે (૧) આમાં ભગવાન વિષ્ણુના ૧૬ નામો આપ્યાં છે. આ નામો કયારે બોલવા, એની વિશેષ સૂચના છે.

બીજા કોઈ પણમાં આવા પ્રકારની સૂચના નથી હોતી. (૨) એકદમ સરળ સ્તોત્ર છે. (૩) માત્ર પાંચ જ શ્લોક છે. શરુઆતના ૪ શ્લોકમાં ૧૬ નામો છે. છેલ્લામાં ફળપાઠ છે. 'આ સોળ નામો જો કોઈ સવારમાં ઊઠીને બોલે તો તે પાપોમાંથી છૂટી જાય અને વિષ્ણુલોકને પામે.'



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ભગવાન વિષ્ણુના કયા નામનું કયારે સ્મરણ કરવું ? (૧) ઔષધ લેતી વખતે વિષ્ણુનું (૨) ભોજન લેતાં પહેલાં જનાર્દનનું (૩) સૂતી વખતે પદ્મનામનું (૪) વિવાહ સમયે પ્રજાપતિનું (૫) યુદ્ધના પ્રારંભે દેવચક્રધરનું (૬) પ્રવાસ સમયે ત્રિવિક્રમનું (૭) દેહ છૂટતો હોય ત્યારે નારાયણનું (૮) પ્રિયજનને મળવાનું થાય ત્યારે શ્રીધરનું (૯) ખરાબ સ્વપ્નનો ભય હોય તો ગોવિંદનું (૧૦) સંકટ સમયે મધુસૂદનનું (૧૧) ગાઢ જંગલમાંથી પસાર થવાનું થાય તો નારસિંહનું (૧૨) અગ્નિની ઝાળ લાગે ત્યારે જલશાયીનું (૧૩) જળમાં ડૂબવાનું થાય તો વરાહનું (૧૪) પર્વત ઉપર ચઢતાં કે ઊતરતાં રઘુનંદનનું (૧૫) પ્રસ્થાન સમયે વામનનું (૧૬) બધાં કાર્યોમાં માધવનું.

આ સોળ નામોમાંથી ૧૪ નામો વિષ્ણુસહસ્ત્રનામમાં છે. બે નથી. તે અન્યત્ર છે. (૧) જલશાયી અને વરાહનો સમાવેશ વિષ્ણુ શતનામ્માં છે. વરાહનો સમાવેશ વિષ્ણુ અષ્ટાવિંશતી નામમાં છે.

કયા નામનું કયારે સ્મરણ કરવું, એ કારણ પણ તર્કસંગત છે. જેમ કે, વૈદ્ય વિષ્ણુસ્વરુપ છે. વૈદ્યો નારાયણો હરિ: એટલે ઔષધિ લેતાં પહેલાં વિષ્ણુ સ્મરણ. નાભિમાં પદ્મ હોય. ત્યારે વિષ્ણુ શયનસ્થિતિમાં છે, એટલે સૂતી વખતે પદ્મનામ, પ્રજાપતિનું કામ પોષણ અને રક્ષણનું છે. પરિવારમાં આ કાર્ય વરવધૂએ કરવાનું છે. એટલે વિવાહ સમયે પ્રજાપતિનું. અક્ષમિલે માત્ર મૃત્યુ સમયે નારાયણનું સ્મરણ કર્યું. તો મોક્ષ પામ્યો. આથી મૃત્યુ સમયે નારાયણનું. ત્રણેય લોક માટે સંકટરૂપ હોય, એ અસુર મધુને જેણે સંહાર્યો હોય, એ સૌ કોઈનું સંકટ હરી શકે. એટલે સંકટ સમયે મધુસૂદન.

અધિક ફળ આપનારા અધિકમાસમાં પુરુષોત્તમની ઉપાસના કરવી.